અપીલ અરજી નં.૪૦ તા.૨૫–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૮–૩–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)૩૩૧, ૩૩૨ ધર્મયુગ સોસા. મઢીની ખમણી સામે ઉધના, હાલમાં તૈયાર થતાં બાંધકામને આપના વિભાગ તરફથી વિકાસ પરવાનગી આપી હોય તેની નકલ આપશો. મુદ્દા નં.(૨) આ બાંધકામને રેસીડેન્સીયલ તરીકેની પરમીશન આપેલ છે કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ તથા કોમર્શીયલ બંને ભેગી? હોય તો કેટલા માળ કોમર્શીયલ તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે તેની (૩) હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૫–૪–૧૧ ની **SMC/FAP/** નં.૪૦/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા.૮–૩–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)૩૩૧, ૩૩૨ ધર્મયુગ સોસા. મઢીની ખમણી સામે ઉધના, હાલમાં તૈયાર થતાં બાંધકામને આપના વિભાગ તરફથી વિકાસ પરવાનગી આપી હોય તેની નકલ આપશો. મુદ્દા નં.(૨) આ બાંધકામને રેસીડેન્સીયલ તરીકેની પરમીશન આપેલ છે કે કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ તથા કોમર્શીયલ બંને ભેગી? હોય તો કેટલા માળ કોમર્શીયલ તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે તેની (૩) હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૧ તા.૩૦–૪–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૮–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં પ્રતિભાવ ન મળ્યાનું હોવાનું જણાવી અરજદારે તા.૨૫–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ